દાખલ તારીખ :– ૦૭–૧૦–૨૦૨૨
નોંધ્યા તારીખ :– ૦૭–૧૦–૨૦૨૨
**ફેંસલ તારીખ :– ૦૧–૦૮–૨૦૨૩**
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>

**વઢવાણના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વઢવાણ**
**ફોજદારી કેસ નંબર :– ૫૯૦/૨૦૨૨**
**આંક :–**

**<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર...**
**–:: <u>વિરૂધ્ધ</u> ::–**
**<u>આરોપી</u> :– (૧)વિશાલ ઉર્ફે લાલો વિરાભાઈ સોલંકી**
**(૨) પાર્થ જીતેન્દ્રભાઈ વાઘેલા**
**રહેવાસી. વઢવાણ, નવો ૮૦ ફુટ રોડ, શક્તિનંદન સો.**
**તા. વઢવાણ, જી.સુરેન્દ્રનગર**
**<u>ગુનો</u> :– <u>ઈ.પી.કો.કલમ – ૩૨૩,૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા</u>**
**<u>જી.પી.એકટ –૧૩૫ મુજબ.</u>**

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. બી. ડી. દેસાઈ //
// આરોપી તરફે વિ.વ.શ્રી. એ આર લકુમ //

**<u>–::ચુકાદો::–</u>**

**<u>ફરિયાદની હકીકત ::–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુકમાં એવી છે કે, ગઈ તા. ૦૭.૦૭.૨૦૨૨ ના રોજ કલાક ૨૦.૧૫ વાગ્યાના વઢવાણ મુકામે આ કામના આરોપી નં.૧ એ ફરિયાદીને કહેલ કે તુ મારા વિશે બધા માણસોને કેમ જેમ તેમ કહે છે તેમ વાતો કરે છે તેમ કહી તેની પાસે રહેલ લાકડાના ધોકા વડે ફરિયાદીને ડાબા હાથે તથ ડાબા પગે મારામારી ફ્રેક્ચર કરી તથા આરોપી નં.૨ નાએ ફરિયાદીની ચાલવાની ધોડી વડે ડાબા પડખે તથા તથા શરીરે મારામારી કરી ઈજા કરી ઈજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનામાં એકબીજાની મદદગારી કરી મહે. ડી.એમ.સાહેબના નોટીફીકેશનનો ભંગ **કરી, ગુનો કરેલ અને તે બાબતે હાલના કેસના ફરીયાદીની ફરીયાદને આધારે પોલીસે બી પો.સ્ટે ગુના રજી.નં -11211056220176/2022 થી ગુનો દાખલ કરી પોલીસ તપાસ કરવામાં આવેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આ કામના આરોપી**

**વિરૂધ્ધ <u>ઈ.પી.કો.કલમ – ૩૨૫,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ –૧૩૫ મુજબ.</u>ના ગુના અંગેનુ ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.**

**<u>આરોપીનાઓની હાજરી અને તેમનુ નિવેદન</u>**

**(૨)** ત્યારબાદ ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૯૬૩ ની કલમ–૨૦૭ મુજબ કેસના પેપર્સની નકલો વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ. ત્યારબાદ **આંક–૪ થી આરોપીનાઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ, જેમા આરોપી નં ૧ થી ૨ ની અનુક્રમે આંક ૫ થી ૬ સુધી ઉપરોકત ગુના અંગેની પ્લી** લેવામાં આવતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩) ત્યારબાદ, ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ.**

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ બાદ આંક – ૧૯ થી કલોઝીંગ પુરસીંસ આપવામાં આવે છે.**

**(૪) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૭.૦૭.૨૦૨૨ ના રોજ કલાક ૨૦.૧૫ વાગ્યાના વઢવાણ મુકામે આ કામના આરોપી નં.૧ એ ફરિયાદીને કહેલ કે તુ મારા વિશે બધા માણસોને કેમ જેમ તેમ કહે છે તેમ વાતો કરે છે તેમ કહી તેની પાસે રહેલ લાકડાના ધોકા વડે ફરિયાદીને ડાબા હાથે તથ ડાબા પગે મારામારી ફ્રેક્ચર કરી તથા આરોપી નં.૨ નાએ ફરિયાદીની ચાલવાની ઘોડી વડે ડાબા પડખે તથા તથા શરીરે મારામારી કરી ઈજા કરી ઈજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનામાં એકબીજાની મદદગારી કરી **<u>ઈ.પી.કો.કલમ – ૩૨૫,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ –૧૩૫ મુજબ.</u>ના ગુના અંગેનુ ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે**નો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–::કારણો::–</u>**

**<u>મુદ્દા નં. ૧ ::–</u>**

**(૬) <u>ફરિયાદ પક્ષનો પુરાવો</u>**

આ કામે ફરીયાદ પક્ષ તરફે મૂળ ફરીયાદીને **આંક–૧૨ થી ફરિયાદી ફરિયાદી શાંતિલાલ શંકરભાઈ**ને તપાસવામાં આવેલ છે. તેઓ બનાવને અનુરૂપ સંપુર્ણ હકિકત જણાવતા

નથી. વધુમાં તેઓ પોતાની જુબાનીમાં **આંક–૧૩** થી ફરીયાદની નકલ બતાવતા તેમણે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે.

સદર સાહેદનાઓ પોતાની સરતપાસમાં ગુનાની સંપુર્ણ હકીકત જણાવતા ન હોય વિ.એ.પી.પી. શ્રીએ સદર સાક્ષીને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા અદાલત દ્વારા સાક્ષીને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ અને પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો કોર્ટની પરવાનગીથી પુછતા ફરીયાદપક્ષને મદદરૂપે થાય તેવી મહત્વની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી.

સદર સાહેદનાઓની ઉલટ–તપાસનો અંગેની ચર્ચા પુરાવા મુલ્યાંકનમાં એકસાથે વણી લેવામાં આવેલ હોય, તેથી ઉલટતપાસમાં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના આશયથી તે હકીકતો બાબતે અત્રે વિશેષ ચર્ચા કે ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૭) સદર કામે તપાસવામાં આવેલ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, આ કામે આરોપી સાથે બોલાચાલી થતા મને ઈજા થયેલ વધુમાં તેઓ પોતાની ઉલટ તપાસમાં જણાવે છે કે, અમો અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ વધુમાં તેઓ જણાવે છે કે, કોઈએ તેમને ઈજા પહોંચાડેલ હોય એવું બનેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

(૮) સદર કામે ફરીયાદ પક્ષ તરફે બચાવપક્ષની સંમતિથી **આંક–૧૫ અને ૧૬ થી પંચનામાની નકલ, આંક ૧૭ થી મેડીકલ સર્ટીફિકેટ, આંક ૧૮ થી જાહેરનામુ** રજુ કરવામાં આવેલ છે. સદર દસ્તાવેજી પુરાવા એ સમર્થનકારક પુરાવો હોય તેને ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાઓની સાથે વંચાણે લેવો જરૂરી હોય છે. જયારે ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સ્પષ્ટપણે સર્મથન મળતું ન હોય ત્યારે માત્ર સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૯) આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદ તેઓના પુરાવામાં કયાંય પણ આ કામના આરોપીએ તેઓને ઈજા પહોંચાડેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું કયાય પણ જણાવેલ નથી. વધુમાં આ કામે મુળ ફરીયાદી બનાવને સમર્થન આપતો કોઈ પુરાવો આપતાં નથી. વધુમાં આ કામના આરોપી પાસે કોઈ હથિયાર કે લાકડુ/દંડો હોય કે પત્થર હોય અને તેના દ્વારા ફરિયાદી અને તેઓના ભાઈને ઈજા કરેલ હોય તેવુ પોતાની જુબાનીમાં જણાવતાં <u>નથી.વધુમાં</u> આંક ૨૦ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે **વધુમાં આંક–૧૯થી મુળ ફરિયાદી તથા ઈજા પામનાર/સાહેદનાઓની સહીથી એપીપી મારફત કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.** સમગ્ર પુરાવો વંચાણે લેતાં ફરીયાદી ગુનાને સમર્થન આપતાં ન હોય અન્ય સાહેદોને તપાસવા કોર્ટનો કિમતી સમય વેડફવા બરાબર જણાઈ આવતું હોય સદર કલોઝીંગ પુરશીશ રેકર્ડ કરવામાં આવેલ છે.

**(૧૦)** સમગ્ર પુરાવો તથા ઉપરોકત કરેલ ચર્ચાને ધ્યાને લેતાં આ કામના આરોપીનાઓએ ફરિયાદી અને તેમના ભાઈને ઈજા પહોંચાડી હોય કે ગુનાહિત ધમકી આપેલ હોય, કે જાહેરનામાનો ભંગ કરી કોઈ હથિયાર ધારણ કરેલ હોય તે હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**(૧૧)** વધુમાં ક્રિમીનલ જયુરીશપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા હોય ત્યાં તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર **ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ,** જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ **"નકાર"**માં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**—::હુકમ::—**

1. આ કામના આરોપીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ—૨૪૮(૧) અન્વયે તેની સામેના **ઈ.પી.કો.કલમ—૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને જી.પી.એક્ટ ૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી **''નિર્દોષ''** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. વધુમાં સદર કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને તે સિવાયનો કબજે કરવામાં આવેલ નાશ કરવાને પાત્ર મુદ્દામાલનો નિયમાનુસાર અપીલ સમય પુર્ણ થયા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને બાકીના મુદામાલ અપીલ સમય બાદ કાયદાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. ક્રિ.પ્રો.કોડની. કલમ—૪૩૭ (એ) હેઠળ તમામ આરોપીએ રૂા. ૫,૦૦૦/— ના જાતમુચરકો તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. જો તે રજુ ન કરે તો અગાઉ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા હવે પછી છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી તર્ફે નવા જામીન રજુ કર્યેથી અગાઉ રજુ થયેલ જાત મુચરકા તથા જામીન ખત રદૃ ગણવા.

આ હુકમ આજરોજ **તા.૦૧, માહે ઓગષ્ટ, સને ૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૧.૦૮.૨૦૨૩**
**વઢવાણ.**

**(જયેશકુમાર પુરૂષોત્તમદાસ પ્રજાપતિ)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વઢવાણ**
**Code No. GJ01608**